કાઇયોટ શું છે?

કાઇયોટ્સ નાના વન્ય શ્વાન જેવા પ્રાણીઓ છે, જેનું વજન સામાન્યપણે 30 થી 40 પાઉન્ડ હોય છે. તેમની રૂવાટી સોનેરીથી લઈને લાલ અને કથ્થઈ રંગોની હોય છે.

આ અનુકૂલનશીલ પ્રાણીઓ બ્રૅમ્પટન જેવા મોટા શહેરોમાં કોતરો, ખીણની જમીન અને જંગલવાળા વિસ્તારો સહિતના ગ્રામીણ વિસ્તારોમાં મળી આવે છે તે હાઇબર્નેટ (શિયાળામાં નિષ્ક્રિયતા) કરતા નથી એટલે આખું વર્ષ જોવામાં આવે છે.

કાઇયોટ્સ સામાન્યપણે શર્માળ અને તેઓ આક્રમક નથી હોતા પરંતુ જીજ્ઞાસુ હોય શકે છે.

આપણા સમુદાયમાં કાઇયોટ્સ
કાઇયોટ્સ વૈવિધ્યસભર ઇકોસિસ્ટમના અભિન્ન સભ્યો છે અને જરૂરી અને તંદુરસ્ત શિકાર-શિકારી સંતુલનમાં તેમનું યોગદાન હોય છે. તેમને જ્યારે છૂટા રહેવા દઈએ ત્યારે તેમની પ્રવૃત્તિઓથી આપણને ઘણો લાભ થાય છે. જોકે, જ્યારે આપણે તેમને ઇરાદાપૂર્વક ખોરાક આપીએ અથવા આપણા શહેરમાં મુક્તપણે ખોરાકી વસ્તુઓ સુલભ કરીએ છીએ ત્યારે માનવ-કાઇયોટ્સના સંઘર્ષ ઊભા થઈ શકે છે. કાઇયોટ્સનું વર્તન તકવાદી હોય છે અને તેઓ પોતે શોધવા કરતા સરળતાથી ઉપલબ્ધ ખોરાકના સ્ત્રોતો ઝડપી લેતા હોય છે.

સિટી ઓફ બ્રૅમ્પટન એનિમલ સર્વિસિસ (પ્રાણી સેવાઓ)
475 ક્રિસ્લર ડ્રાઇવ
905.458.5800

brampton.ca/animalservices

કાઇયોટ્સ સાથે સહ-અસ્તિત્વ અંગે વધુ માહિતી માટે અહીં સંપર્ક કરવા વિનંતી:

કુદરતી સંસાધન અને વન મંત્રાલય
1.800.667.1940
ontario.ca/mnrf

કાયોટી વૉચ કૅનેડા
905.931.2610
coyotewatchcanada.com

BRAMPTON

Gujarati

ફોલ અને શિયાળામાં કાઇયોટ્સ સાથે રહેવું

BRAMPTON

Gujarati

શિયાળો સંવનનની ઋતુ છે

તમારે શું જાણવાની જરૂર છે
ઇસ્ટર્ન કાઇયોટ બ્રૅમ્પટન સહિત આખા ઉત્તર અમેરિકાના શહેરી વિસ્તારોમાં સામાન્ય છે. શિયાળાના મહિનાઓ દરમિયાન કાઇયોટ્સ વધુ દ્રશ્યમાન હોય તેમ બને કારણકે તેઓ ત્યારે ખોરાક, અને છતની તેમજ સાથીની શોધમાં હોય છે. તેઓ એકબીજા સાથે સંચાર વ્યવહાર કરતા હોવાથી તમને તેમના રડવાનો અને ભસવાનો અવાજ વધુ સાંભળવામાં આવે તેમ બને.

એવર્સન કન્ડિશનિંગ (અણગમો દર્શાવવાની પ્રક્રિયા)
હેઝિંગ અથવા તેના પ્રતિ અણગમો બતાવવો તે એવી પદ્ધતિ છે જેથી તેઓ માનવોથી ડરતા રહે છે અને તેનો ઉપયોગ તેમને તે બતાવવા માટે થાય છે કે કાઇયોટ્સનું અહીં સ્વાગત નથી. આના કેટલાક ઉદાહરણો એટલે મોટા અવાજો કરવા અથવા બત્તીઓ ઝબકાવવી.

તમારી મિલકતથી કાઇયોટ્સને દૂર રાખવા બાબત
કાઇયોટ્સ લોકો માટે નોંધપાત્ર જોખમ માનવામાં આવતા નથી, પરંતુ તમારી મિલકત પર અથવા ચાલવા દરમિયાન તેને જોવાથી ગભરામણ થઈ શકે છે. આપણા વાડા અને પાડોશથી કાઇયોટ્સને દૂર રાખવા માટે કેટલાક પગલાં લઈ શકાય.

- તમારી મિલકત પરથી દરેક ખોરાકી વસ્તુઓ દૂર કરો દા.ત., સમાપ્ત થયેલ શાકભાજીનો બગીચો, બર્ડસીડ, ગંદા બાર્બેક્યુ, પેટ ફૂડ વગેરે.
- વાડ, અને ડેક કે શેડની નીચેની બાજુએ કોઇપણ ખાલી રહી ગયેલ જગ્યા હોય તેને બંધ કરી દેવી.
- ક્યારેય પાળેલા પ્રાણીઓને બહાર એકલા છોડવા નહીં.
- તમારી મિલકત પર ધ્યાન રાખો જેથી કાઇયોટ્સની હાજરી થતી રોકી શકાય.

જો તમારી સામે કાઇયોટ આવી જાય કે તમારો પીછો કરે તો શું કરવું:

- **થોભો.** આવશ્યક હોય તો પાળેલા નાના પ્રાનીઓ કે બાળકોને ઉંચકી લેવા.
- **સ્થિર ઊભા રહો.** ક્યારેય કાયોટીથી દૂર ભાગશો નહીં.
- **તમારી જાતને કદમાં મોટી બનાવવાનો પ્રયાસ કરો** આક્રમક દેખાવ, ઊંચા દેખાવાનો પ્રયાસ કરો, હવામાં બન્ને હાથ ઊંચા કરીને હલાવો. અશ્ચર્યકારક, અચાનક અને સ્વયંભૂ થતી શરીરની મુદ્રાઓ ઉત્તમ કામ આપે છે.
- **મોટા અવાજ કરીને અડગ રહો.** બૂમો પાડો, પગ પછાડો અથવા તાળીઓ પાડો. અવાજ કરવાના સાધનો સાથે રાખો જેમકે સિસોટી, પ્લાસ્ટિકની થેલી કે છત્રી જેથી મોટા અવાજ કરી શકાય).
- **લડત આપો.** કાઇયોટ દિશામાં લાકડીના ટૂકડા કે પત્થર કાઇયોટ્સની દિશામાં ફેંકો જેથી તે ડરીને આગળ વધતા રોકાઇ જાય. કાયોટી પર સીધું ફેંકવું નહીં.
- **પછી ધીમે ધીમે પાછળની તરફ ખસતા રહો.** હંમેશા એની આંખો સાથે આંખ મિલાવો અને યાદ રાખો ક્યારેય ક્યારેય ભાગવું નહીં.

આને તમારા પરિવારજન સાથે શેર કરો અને શીખવો જેથી કાઇયોટનો સામનો થાય ત્યારે તમને પણ જાણ હોય કે કેવી રીતે સલામતીથી પ્રતિભાવ આપવો જોઇએ.

એવો પ્રસંગ આવે કે કાઇયોટથી જાહેર સુરક્ષા માટે ભય ઊભો થાય તો 911 પર કૉલ કરો.



વારંવાર પૂછાતાં પ્રશ્નો

કાઇયોટ્સને સિટી અન્ય જગ્યાએ કેમ લઈ જઈ ન શકાય?
કાઇયોટ્સનું સ્થળાંતર કરવું અથવા તેનો વધ કરવો એક સારો વિકલ્પ નથી કારણકે તેને કેદ કરવા અતિશય મુશ્કેલ છે અને માત્ર એક હંગામી અભિગમ છે. જો એક કાઇયોટને દૂર કરવામાં આવે તો તે વિસ્તારમાં બીજા અનેક આવીને વસી જઈ શકે છે. કાઇયોટને કેદ કરીને તેનું સ્થળાંતર એક કિલોમીટર કરતા વધુ અંતરે કરવા તેની ઓન્ટારિયોના ફિશ એન્ડ વાઇલ્ડલાઇફ કન્ઝરવેશન ઍક્ટ હેઠળ પરવાનગી નથી.

મને કાઇયોટ્સ રડતા કે ભસતા કેમ સંભળાય છે?
કાઇયોટ્સ એકબીજા સાથે તે રીતે સંચાર વ્યવહાર કરતા હોય છે. તેઓ એક બીજા સાથે ભસીને સંચાર વ્યવહાર કરે છે, પોતાનો વિસ્તાર સાચવે છે, પોતાના પરિવારને શોધે છે, ઉજવણી કરે છે અને એકબીજાને કોઇપણ ખતરાથી સતર્ક કરે છે. સંવનનની ઋતુમાં આવું થવું વધી જઈ શકે છે જ્યારે તેઓ કોઇ સાથીની શોધમાં હોય. જો તમે કાઇયોટ્સને સંચાર વ્યવહાર કરતા જુઓ તો તેમનાથી અંતર રાખશો અને તેમના વિસ્તારનો આદર કરશો.

શ્વાન અને કાઇયોટ્સ
કાઇયોટ્સ અને કુતરા વચ્ચે મોટા ભાગની સમસ્યાઓ ત્યારે થાય છે જ્યારે શ્વાન પર લીશ ન હોય અથવા એવું લાગતું હોય કે લીશ નથી. ઘરના વાડામાં હોય ત્યારે તમારા કુતરા પર દેખરેખ રાખો અને ચાલવા જાઓ ત્યારે તેને ટૂંકી લીશ બાંધેલી રાખો. જો તમને જાણ થાય કે તમારા વિસ્તારમાં કાઇયોટ્સ દેખાયા છે તો થોડા સમય માટે તમારા ચાલવાના સમયપત્રકમાં ફેરફાર કરો અથવા ચાલવાના માર્ગમાં ફેરફાર કરો.

હું કાઇયોટ્સને ખોરાક ખવડાવીશ તો શું થશે?
ક્યારેય કાઇયોટ માટે બહાર ખોરાક છોડવું નહીં અથવા ખવડાવવું નહીં. ખૂબ જ ચાલાક પ્રાણીઓ હોવાથી તેઓ જે માનવો તેમને ખવડાવતા હશે તેમને ઓળખી જશે. આના પરિણામે માત્ર તેઓ જેતે વિસ્તારમાં ફરી આવશે અને સંભવતઃ માનવો પ્રતિ અલગ અલગ વર્તનો દાખવી શકે.

વધુ હું શું કરી શકું?
- **brampton.ca/coyotes** પર કાઇયોટની સાઇટિંગનો અહેવાલ ઓનલાઇન સબમિટ કરો જેથી સિટીને અને રહેવાસીઓને જાણ થાય કે કયા વિસ્તારોમાં કાઇયોટ્સની અવરજવર રહે છે.
- ખોરાકી વસ્તુઓ બહાર રહી ગઈ હોય કે મિલકતોમાં ઝાડ ઝાંખરા વધુ પડતા ઉગી ગયા હોય તેની સર્વિસ વિનંતી સબ્મિટ કરવા માટે 311 નો સંપર્ક કરો.
- જો તમારો ભેટો કાઇયોટ સાથે થાય જે તમારા માનવા પ્રમાણે માંદુ હોય કે ઇજાગ્રસ્ત હોય તો 311 નો સંપર્ક કરશો.
- માહિતગાર રહો અને કાઇયોટ અંગે હોશિયાર રહો!